| Resi. (Corres.) | : | D-Wing, 202, Atal Aawas, Adalaj, Gandhinagar - 382421 |
| Resi. Permt. | : | Plot No. 10, Greenland Society, Opp. Durga Mata Mandir, Meghpar Kumbhardi (Anjar-Kachchh) Gujarat - 370110. |
| **Contact - Kaka** | : | **Kisanbhai Chawda - Pune 90822096757** |
| **Masi** | : | **Prityben Chowhan - Indore 9681720618** |
| **Fai** | : | **Jayshreeben Chauhan - Ahmedabad 9328273526** |



## Saahil N. Chauhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 16 February 1991 (9:47 am) |
| Place of Birth | : | Madurai (TN) |
| Native Place | : | Reha (Kutch) |
| Kuldevi | : | Shri Brahmani Maa |
| Gotra | : | Vats |
| Height | : | 5 Ft. 6 in |
| Education | : | B.Com., MBA in Marketing Mgmt from PSG Inst. of Mgmt. Coimbatore |
| Occupation | : | Merkle Inc. (Dentsu) as a Sr. Consultant in Performance Mkt. (Digital Mkt.) Bangalore |
| Resi. Adrs. | : | JP Nagar, 8th Phase, Bangalore |
| **Father** | : | **Late Navinkumar Chauhan** |
| **Mother** | : | **Kalpana N. Chauhan 7760565162** |
| **Elder Brother** | : | **Jatin N. Chauhan married to Rupal Tank (Rajkot)** |
| **Mosad** | : | **Kantilal & Parvatiben Khodiyar** Madurai |
| **Grand Parents** | : | **Lt.Nanalal & Savitaben Chauhan** Vizag |
| **Masa/Masi** | : | **Vimal & Jyothi Rathod**, Chennai |
| **Contact** | : | **Kalpana Chauhan (Mother) 7760565162** |



# Ashish H. Chauhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 14/06/1985 |
| Time of Birth | : | 9.03 pm |
| Birth Place | : | Chennai (Tamilnadu) |
| Height | : | 5'.4" |
| Kuldevi | : | Shri Brahmani Mataji (Kukma) |
| Native Place | : | Reha (Kutch) |
| Gotra | : | Vats |
| Education | : | B.Com. MBA (Finance Mgmt.) |
| Job | : | Assistant Manager - Finance at Olam Technology Business Solutions, Chennai |
| Salary | : | INR 7.5 Lakhs Per Annum |
| **Grand Father** | : | **Late Veljibhai Gokulbhai Chauhan** |
| **Grand Mother** | : | **Late Jayaben Veljibhai Chauhan** |
| **Father** | : | **Hasmukhbhai Veljibhai Chauhan** Retd. Businessman |
| **Mother** | : | **Lt. Kanchanben Hasmukh Chauhan** |
| **Ygr. Sister** | : | **Hema Kalpesh Chawda** (Married) |
| **Nanaji** | : | **Lt. Madhavji Arjun Chauhan** (Madhapar) |
| **Naniji** | : | **Lt. Ramuben Madhavji Chauhan** |
| **Mamaji** | : | **Lt. Lakshmilal Madhavji Chauhan** (Mulund, Mumbai)<br>**Lt. Valamji Madhavji Chauhan**(Madhapar)<br>**Lt. Valjibhai Madhavji Chauhan** (Anjar)<br>**Nileshbhai Valjibhai Chauhan** (Madhapar) |
| Address | : | J-402, Shukan-2, Nr. Mahakali Temple, VIP Road, Karelibaugh, Vadodara (Gujarat) 390018 |
| **Contact Person** | : | **Nileshbhai Valjibhai Chauhan** - Madhapar<br>**9408855030, 9428470946 (Brother)**<br>**Hasmukhbhai - 9840655802 (Father)**<br>**Kalpeshbhai - 9894471985 (Brother in Law)** |



# Jigish Chawda

| | | |
|---|---|---|
| Date of Birth | : | 17th May 1990 |
| Time of Birth | : | 06:40:00 am |
| Place of Birth | : | Jaipur (Rajasthan) |
| Height | : | 5'.04" or 164 cm |
| Weight | : | 57 Kg. Gotra : Kashyap |
| Kuldevi | : | Shree Brahmani Maa and Shree Sikotar Mataji |
| Village | : | Devalia Complexion : Wheatish |
| Education | : | B.E. Computer Science from Pune Uni., Pursuing MSc. Yoga (Distance Course) |
| Occupation | : | Lead Software Engg@Jiva Agservices (based in Bangalore) Currently WFH |
| Salary | : | 60 Lakhs Per Annum |
| Interest-Hobby | : | Yoga Practice & Studies, Adventure Traveling and back packing, Reading - Novel, Blogs, spiritual Texts, Board games, gardening, Rock climbing, Indore & Outdoor |
| **Father** | : | **Ishwarlal Karamshi Chawda** (DME) |
| **Mother** | : | **Smt. Archana I. Chawda (MA)** |
| **Mosad** | : | **Shri Tanup Parshotam Taunk** Jaipur (Raj.) |
| **Fua** | : | **Shri Devendra Chauhan (Bhilai) 9179692339** |
| **Fai** | : | **Smt. Radha D. Chauhan** |
| Resi. Adrs. | : | 19, Umiyanagar, Gurukurpa Society, Palace Road, Po. Chhotaudepur (Guj) 391165 |
| **Contact** | : | **Ishwarlal K. Chawda - 9426599054**<br>**Archana Chawda - 94091332212**<br>**6351955290**<br>**Jigishchawda_chawda.jigish@gmail.com**<br>**+91 9545639655 (Whatsapp)** |

# મંગળ પરિચય



## Leena Rathod (Divorce)

| | | |
|---|---|---|
| Date of Birth | : | 23rd June 1987 |
| Birth Place | : | Gandhidham |
| Birth Time | : | 2:15 pm |
| Height | : | 5'6" |
| Complexion | : | Fair |
| Gotra | : | Kashyap |
| Kuldevi | : | Shri Chaval Maa |
| Education | : | BE in Computer Engg. from (Rajkot)<br>MBA in Finance from DDIT - Nadiad |
| Present Service | : | Toronto, Canada |
| **Father** | : | **Jethalal Harbham Rathod** |
| **Mother** | : | **Jyotiben Jethalal Rathod** |
| **Elder Brother** | : | **Rajesh Jethalal Rathod** |
| **Mosad** | : | **Rameshbhai Jivanbhai Tank**<br>(Madhapar-Bhuj-Kutch) |
| Address | : | Plot No. 235, Ward 3/B,<br>Ganpati Road, Po. Adipur (Kutch) |
| **Contact** | : | **Hariben Jayntilal Chauhan**<br>**9969540073**<br>**Jethalal Harbham Rathod**<br>**9879301621** |



## Ekita Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 14/03/1997 |
| Birth Place | : | Raipur (C.G.) |
| Height | : | 5'4" |
| Education | : | Electrical Engineer |
| **Father** | : | **Jitendra Rathod** |
| **Mother** | : | **Kalpa Rathod** |
| Native Place | : | Khedoi (Kutch-Gujarat) |
| Kuldevi | : | Shri Chamunda Maa |
| Gotra | : | Goutam |
| **Grand Father** | : | **Late Keshavjibhai Rathod** |
| **Grand Mother** | : | **Bhanuben Rathod** |
| **Mosad** | : | **Govindram Dhanji Taunk**<br>Rayagada (Orissa) |
| **Sibling** | : | **Suyash Rathod** (Studying 10th) |
| Address | : | M-3/15, V.V. Nagar, Toranagallu,<br>Jindal Steels,<br>Ballari (Dist), Karnataka |
| **Contact** | : | **9448939207 (Father)**<br>**9448761473 (Mother)** |
| E-mail | : | ekita.rathod@yahoo.com |



## Nakul Chawda

| | |
|---|---|
| **Mobile** | **8264432986** |
| D.O.B. | 17-03-1990 |
| Time of Birth | 03:40 am, Saturday |
| Place of Birth | Raipur (C.G.) |
| Present Age | 31 Yrs. |
| Height | 5'.2" |
| Weight | 55 kg |
| Blood Group | A+ |
| Body Type | Average |
| Complexion | Fair |
| Eye Colour | Black/Ebody |
| Education | B.Pharm, Master in Hospital and Health Mgmt, MBA |
| Annual Income | Rs. 2,50,000 to 4,00,000/- |
| Organization | Zydus Hospital Ahmedabad |
| Native Place | Sinogra |
| Kuldevi | Shri Bramhani Maa, Sikotar Maa |
| Kuldevi | Devaliya Gotra : Kashyap |
| Pre. Address | Plot No. 29, Rajvibaag, Galpadar, Gandhidham (Kutch) Gujarat |
| **Father** | **Kirti Nanalal Chawda** |
| **Mother** | **Bhavana Kirtibhai Chawda** |
| **Brother** | **Bhavik Kirtibhai Chawda** |
| **Bhabhi** | **Ayushi Bhavikbhai Chawda** |
| **Contact No.** | **9978996877 (Father)**<br>**9638861081 (Mama)** |
| **Mama** | **Krishan Madanbhai Chauhan** (Cuttack-Orissa) |
| Mama Adrs. | Plot No. 30, Rajvibaag, Galpadar, Gandhidham (Kutch) Gujarat |



## Siddharth Taunk

| | |
|---|---|
| Date of Birth | 02.05.1989 |
| Time of Birth | 5.56 am |
| Place of Birth | Cuttack |
| Height | 5'.5" |
| Gotra | Shaunak |
| Kuldevi | Shri Brahmani Maa |
| Native Place | Kukma |
| Edu-Quali. | B.Tech (Elec. & Telecomm.) |
| Work Exp. | 9 yrs. of experience in embedded domain and working as a Tech Lead (Specilalist) in Tata Elxsi Ltd. |
| Annually Pac. | Salary 22 Lakhs P.A. |
| **Father** | **Mukesh Taunk (C.A.)** |
| **Mother Name** | **Nirmala Taunk (House wife)** |
| **Elder Brother** | **Harshit Taunk** |
| **Sister-In Law** | **Vanisha Taunk (Bhabhi)** |
| **Mosad** | **Lalit Gangji Chauhan** Rairangpur (Odisha) |
| Present Adrs. | 406, RR Keshav Heritage, 3-4-65, Indiranagar, Ramanthapur, Hyderabad - 500013 |
| **Contact No.** | **9440422941, 6281704387**<br>**8333822591** |

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



**શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી**
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ**
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



**શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ**
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા રાયપુર અને નાગપુર મધ્યે જીવન સૌરભ સંસ્કાર શિબિર યોજાઈ

## રાયપુર જીવન સૌરભ સંસ્કાર શિબિર

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળની પ્રેરણાથી છત્તીસગઢ પ્રાદેશિક અંતર્ગત આવતા રાયપુર ઘટકના મહિલા મંડળ અને યુવા મહિલા મંડળ દ્વારા કોરોનાકાળ બાદ પ્રથમ ઓફલાઇન જીવન સૌરભ સંસ્કાર શિબિરનું આયોજન રાયપુર સમાજ ભવન મુકામે કરવામાં આવેલ હતું. આ શિબિરમાં અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ, સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા, મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ, છત્તીસગઢ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી નિશાબેન ચાવડા, રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પુનમબેન ટાંક, યુવા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીતાબેન રાઠોડ તથા માનવંતા મહેમાનો રૂપે સમાજ સંરક્ષક શ્રી ભરતભાઇ સાવરીયા, મહાસભાના પૂર્વ પ્રમુખો શ્રી મણીલાલભાઇ ચાવડા તથા શ્રી પ્રફુલ્લભાઇ પરમાર, રાયપુર ઘટકના પ્રમુખ શ્રી અનિલભાઇ ચાવડા તથા વિવિધ મહિલા મંડળોના પ્રમુખ/મંત્રીશ્રીઓ અને પદાધિકારી બહેનો ઉપસ્થિત રહેલ હતા. કુ. લાવણ્યાએ રજુ કરેલ ગણેશ વંદના બાદ પ્રસ્તુત થયેલ સ્વાગત ગીત સાથે મંચસ્થ મહેમાનોને પુષ્પ તથા બેચ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ હતા. ત્યાર બાદ વિવિધ સેવા આયોજનોમાં જહેમત કરી ગોલ્ડનબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવનાર શ્રી ભરતભાઇ સાવરીયા, શ્રીમતી અમિતાબેન સોલંકી તથા શ્રી ભરતભાઇ ચાવડાને સન્માનિત કરવામાં આવેલ હતા. સ્વાગત સમારોહનું સંચાલન શ્રીમતી કલ્પનાબેન પરમાર એ કરેલ હતું.

ત્યાર બાદ કાર્યક્રમના પ્રારંભમાં ગીતાબેન રાઠોડે મૈ હું ન... કાર્યક્રમ પ્રસ્તુત કરી પોતાના અસ્તિત્વની ઓળખ આપેલ હતી. ત્યાર બાદ આગળના આયોજનોમાં એડવોકેટ કુ. લેખિકા રાઠોડ દ્વારા મહિલાઓને લગતા કાયદાઓ અને વિશેષ રૂપે કોર્ટ દ્વારા મહિલાઓને શું સહાયતા અને માર્ગદર્શન મળી રહે તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી. શ્રીમતી ગીતાબેન ચૌહાણ તથા શ્રીમતી રીટાબેન ચૌહાણ દ્વારા સમાજમાં યુવા વર્ગને લગતી



જવલંત સમસ્યાઓ ઉપર પ્રકાશ પાડી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ સાથે પ્રથમ દિવસનું સત્ર પૂરૂં થયેલ હતું. બીજા દિવસના પ્રારંભે અ.ભા.મહિલા મહામંડળના સંસ્કાર શિબિર મંત્રી શ્રીમતી જ્યોતિબેન રાઠોડ-ભુસાવલ દ્વારા હાલમાં જેનો વધુને વધુ ઉપયોગ થઇ રહ્યો છે તેવા મોબાઇલના ફાયદા અને ગેરફાયદા વિશે ઉદાહરણ સહિત સમજણ આપવામાં આવેલ હતી. ત્યાર બાદ શિલ્પા નાહર દ્વારા 'માય ડાયરી' કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવેલ હતો તેમજ ગીતાબેન અને રીટાબેન દ્વારા ખુલ્લા મંચના માધ્યમથી પ્રશ્નોતરી કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં બહેનો દ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આપવામાં આવેલ હતા. શિલુબેન દ્વારા જીવનમાં એડજસ્ટ કેમ થવાય તેની રમત-ગમતના માધ્યમથી જાણકારી આપવામાં આવેલ હતી. શ્રીમતી વેલુબેન ચાવડા દ્વારા મન સ્વસ્થ તો શરીર સ્વસ્થના વિષય પર વકતવ્ય આપી સુંદર માર્ગદર્શન આપવામાં આવેલ હતું. શ્રીમતી જ્યોતિબેન રાઠોડ દ્વારા હાસ્ય થેરેપીના માધ્યમથી બહેનોને મનોરંજન સાથે હળવી કસરત કરાવવામાં આવેલ હતી. ત્યાર બાદ યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં છત્તીસગઢ દ્વારા નૃત્ય, તાંડવ નૃત્ય, હાસ્ય નાટકલ, જુના ગીતો પર રેકોર્ડીંગ ડાન્સ અને ભજન પ્રસ્તુત કરવામાં આવેલ હતા. જેનો ઉપસ્થિત સૌ બહેનોએ ખુબજ મન ભરીને આનંદ લીધો હતો.

કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન અને શ્રીમતી ગીતાબેન ચૌહાણે કરેલ હતું. આ રીતે વિવિધ વિષયો ઉપર કરવામાં આવેલ ચિંતન, મનન, માર્ગદર્શન,

મનોરંજન અને ઉત્સાહવર્ધન બાદ બે દિવસની સંસ્કાર શિબિરનું સફળ આયોજન પુરૂ થયેલ હતું. જય સમાજ.જય નારી શક્તિ...

## નાગપુર જીવન સૌરભ સંસ્કાર શિબિર



મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા તથા અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખ રીમતી મીનાબેન યોગેશભાઇ ચાવડાના સ્નેહમય આમંત્રણ અને નાગપુર મહિલા મંડળના હાર્દિક આમંત્રણને માન આપતાં તા. ૨૭ તથા ૨૮ માર્ચના રોજ અ.ભા.મહિલા મહામંડળ દ્વારા શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીની અધ્યક્ષતામાં અને મહાસભા પ્રમુખશ્રીની ગરિમામય ઉપસ્થિતિ તથા તેમના નિવાસ સ્થાને આયોજીત આ શિબિરમાં મંચાસીન અ.ભા.મહિલા મહામંડળના ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, અ.ભા.મ. મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલબુને ચાવડા, ઉપપ્રમુખ શ્રીમતી મીનાબેન ચાવડા, મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણ, કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન વેગડ, મહાસભાના મંત્રી શ્રી રમણીકભાઇ હીરજી ચૌહાણ, મહાસભા સગપણ સમિતિના પ્રભારી શ્રી મેહુલભાઇ ચન્દ્રકાન્ત ચૌહાણ, કા.સભ્ય શ્રી દિપેશભાઇ પ્રભુલાલ પરમાર, વિશેષ આમંત્રિત શ્રી ખેમરાજભાઇ વેગડ, સંસ્કાર શિબિરના મંત્રી શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, વિદર્ભ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નંદિનીબેન ચૌહાણનું નાગપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચંપાબેન ચંદ્રકાન્તભાઇ પરમાર અને ટીમ નાગપુર મહિલા મંડળ દ્વારા ખુબજ ભવ્ય અને સુંદર સ્વાગત કરવામાં આવેલ હતું. શ્રીમતી અભિલાષાબેન ચાવડા અને શ્રીમતી શ્રેયાબેન રાઠોડની મધુરવાણી અને સંચાલનથી આ સ્વાગત સમારોહ ભવ્ય બનેલ હતો.

ત્યાર બાદ આગળ ચાલતાં નાગપુર મહિલા મંડળની યુવતીઓએ રજુ કરેલ ગણેશ વંદના અને ગુજરાતી ગરબાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડાએ મનનીય પ્રવચન આપતાં સમાજની નારીશક્તિને બિરદાવી સ્વ. ભાનુબેન ચૌહાણની પ્રેરણાથી શરૂ થયેલ આ સંસ્કાર શિબિર બહેનોને પોતાના જીવનમાં ખુબજ ઉપયોગી બને તેવી શુભકામના પાઠવી હતી. ત્યાર બાદ મંચ અ.ભા.મહિલા મહામંડળને સોંપવામાં આવતાં મહામંત્રી શ્રીમતી ગીતાબેન ચૌહાણે શિબિરમાં ઉપસ્થિત બહેનોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું.

શિબિર પ્રારંભે પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ પોતાનું પ્રેરક ઉદ્‌બોધન આપતાં સંસ્કાર શિબિરના પ્રણેતા સ્વ. ભાનુમાંને યાદ કરી અ.ભા.મહિલા મહામંડળ દ્વારા થતી પ્રવૃત્તિઓની જાણકારી આપેલ હતી. હાલની સ્થિતિમાં સમાજની સળગતી સમસ્યા એવી સગપણ અને લગ્ન વિચ્છેદના કારણોની ચર્ચા કરી તેને કાબુમાં લેવાના પ્રયાસો પર ભાર મુક્યો હતો. ત્યાર બાદ મોટીવેશન સ્પીકર શ્રીમતી પ્રાચિબેન વેગડે મૈં કૌન ? આ વિષય ઉપર સુંદર માર્ગદર્શન આપેલ હતું.

સંસ્કાર શિબિરના અધ્યક્ષતા શ્રીમતી પુનમબેન ટાંકએ સારા સ્વાસ્થ્ય અને તંદુરસ્ત મનને ઉપયોગી એવી ધ્યાન ક્રિયા વિશે માહિતી આપેલ હતી. શ્રીમતી જ્યોતિબેન રાઠોડે હેપ્પીનેસ કઇ રીતે મેળવી શકાય તે વિષય પર હળવી શૈલીમાં વકતવ્ય આપેલ હતું. શ્રીમતી રીટાબેન ચૌહાણે સુંદર પ્રશ્નોતરીમાં ગંભીર વિષયો સામેલ કરી જીવનની સંસઓનો સહજ રીતે નિકાલ લાવી શકાય તેની જાણકારી આપેલ હતી. શ્રીમતી વેલુબેન ચાવડાએ આજની સમસ્યાઓ ઉપર પ્રશ્નોતરી અને ચર્ચાના માધ્યમથી માર્ગદર્શન આપેલ હતું. શ્રીમતી જ્યોતિબેન રાઠોડ-ભુસાવલએ મોબાઇલના ફાયદા-ગેરફાયદાને હળવી રમુજી વૃતિથી સમજાવવાની સાથે રમત રમાડી મનોરંજન કરેલ હતું. શ્રીમતી કલ્પનાબેન પરમારે સગપણમાં ઉભા થતાં પ્રશ્નો પર પ્રકાશ પાડી જ્ઞાન ગંગા પ્રવાહિત કરેલ હતી. મહામંત્રી શ્રીમતી ગીતાબેન ચૌહાણ તથા શ્રીમતી રીટાબેન ચૌહાણે અ.ભા.મહિલા મહામંડળએ કરેલ કાર્યોની જાણકારી આપવાની સાથે જ્ઞાન સાથે ગમ્મન મળે તેવી રમતો રમાડી શિબિરનું સંચાલન કરેલ હતું.

બહોળી સંખ્યામાં આ શિબિરમાં ઉપસ્થિત બહેનોએ વિવિધ વિષયો પર ચિંતન-મનન કરી સાંસ્કૃતિક કાર્યક્રમ પણ માણ્યો. સાથે મહાસભા પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડાના નિવાસ સ્થાને ઉત્તમ બેઠક અને આવાસ વ્યવસ્થા સાથે ગુજરાતી અને મહારાષ્ટ્રીયન સ્વાદની ચટાકેદાર એવી ભોજન વ્યવસ્થા માણી. નયનરમ્ય વાતાવરણમાં આયોજીત આ સંસ્કાર શિબિર નાગપુર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ તથા વિશેષ રૂપે સમસ્ત ચાવડા પરિવારનો મીઠો અને આત્મિય આવકાર-સત્કાર બહેનોનું સુખદ સંભારણું બની રહ્યો. ખુબજ આનંદિત વાતાવરણમાં બે દિવસીય સંસ્કાર શિબિરનું સમાપન થયેલ હતું.

- શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી

- શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - મહામંત્રી

# અ.ભા.મહિલા મહામંડળનું ગોંદિયા ઘટકમાં મિલન યોજાયું

અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારીઓના સંસ્કાર શિબિર આયોજન અર્થે રાયપુર તથા નાગપુર ઘટકના રોકાણ દરમ્યાન ક.ગુ.ક્ષ. સમાજ ગોંદિયા મહિલા મંડળના સ્નેહમય આમંત્રણને માન આપી ગોંદિયા પધારેલ ત્યારે રેલ્વે સ્ટેશન પર તમામ મહેમાનોનું ફુલોના ગુલદસ્તા વડે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યાર બાદ સમાજ ભવન મધ્યે આયોજીત ઔપચારિક મિલનમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમાજબાંધવોની હાજરીમાં અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તથા તેમની ટીમ સાથે વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર, ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઇ રાઠોડ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન જયંતિભાઇ વેગડ વગેરે મહાનુભાવોએ મંચ પર





સ્થાન ગ્રહણ કરેલ હતું. શ્રી ગણેશ વંદના પૂર્વીબેન જય પરમારે અને સ્વાગત નૃત્ય જયની ગીતેશભાઇ રાઠોડે રજુ કર્યું હતું. મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ હતું. મહિલા મંડળના મંત્રી શ્રીમતી તનુજાબેન કમલેશભાઇ રાઠોડે સ્થાનિય પ્રવૃત્તિઓ અને કાર્યોનો અહેવાલ આપેલ હતો. શ્રીમતી અમિતાબેન સોલંકીએ અ.ભા.મહિલા મહામંડળના કાર્યોનો ચિતાર આપ ગોંદિયા ઘટકે અ.ભા.મહિલા મહામંડળને આપેલ ત્રણ પ્રમુખો શ્રીમતી મીનાબેન ચૌહાણ, શ્રીમતી વંદનાબેન ટાંક અને શ્રીમતી જ્યોતિબેન રાઠોડની પ્રશંસા કરી ગોંદિયાની માટીમાં રહેલ સમાજભાવનાને વંદન કરેલ હતા. શ્રીમતી વેલુબેન ચાવડા તથા શ્રીમતી કલ્પનાબેન પરમારે વતનને યાદ કરી ખુશી વ્યક્ત કરેલ હતી. પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ પરમારે નારી શક્તિની પ્રશંસા કરી શુભેચ્છા પાઠવેલ હતી. અંતમાં સામાજીક પ્રશ્નો બાબતે મુક્તમને ચર્ચાઓ કરવામાં આવેલ હતી અને ખુબજ આનંદમય વાતાવરણમાં ફુલોની હોળી રમીને પરસ્પર શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણીને મિલન પૂર્ણ કરવામાં આવેલ હતું.

# બાલાઘાટ ઘટકના આંગણે યોજાયો ભવ્ય સત્કાર સમારોહ

અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારીઓના સંસ્કાર શિબિર આયોજન પ્રવાસ દરમિયાન ઘટક પ્રમુખશ્રી જીતેન્દ્રભાઇ પરમારના નિવાસ સ્થાને પધારેલા બહેનોને નવદુર્ગાની ઉપમા આપી પરિવારના મોભી અને મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી રણજીતભાઇ પરમાર, શ્રીમતી રંજનાબેન, શ્રીમતી ગીતાબેન, શ્રીમતી જુહિતાબેન, શ્રીમતી ભુમિબેન, કુ. કિંજલબેન અને સમસ્ત પરિવાર દ્વારા ફુલહાર અને શાલ દ્વારા આત્મિય સ્વાગત કરવામાં આવેલ હતું. સાંજે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મીનાબેન ચાવડાએ પોતાના નિવાસ સ્થાને અતિથી સત્કાર કરેલ હતો. રાત્રે પરમાર પરિવારના નિવાસ સ્થાને રાખવામાં આવેલ ગેટ ટુ ગેધર કાર્યક્રમમાં વિવિધ મનોરંજક રમતો રમાડી સ્વાદિષ્ટ ભોજન વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તા. ૨૬-૩ના ઘટક અને મહિલા મંડળ દ્વારા મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા, અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી



અમિતાબેન સોલંકી, અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ ચૌહાણ, આદ. વડીલ શ્રી રણજીતબાપા, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મીનાબેન ચાવડાની ઉપસ્થિતિમાં સમાજ ભવન મધ્યે શ્રી જીતેન્દ્રભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને સત્કાર સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઉપરોક્ત મહાનુભાવો ઉપરાંત શ્રીમતી વેલુબેન, શ્રીમતી જ્યોતિબેન, શ્રીમતી ગીતાબેન, શ્રીમતી રીટાબેન, શ્રીમતી મીનાબેન, શ્રીમતી પુનમબેન, શ્રીમતી જ્યોતિબેન-ભુસાવલ સહિતના મહિલા મંડળના હોદ્દેદારોનો સત્કાર કરવામાં આવેલ હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આદ. વડીલ શ્રી રણજીતબાપાનો જન્મદિવસ હોતાં તેમને સૌએ આદરપૂર્વક શુભકામના પાઠવેલ હતી. મહાસભા પ્રમુખ શ્રી

યોગેશભાઇ ચાવડાએ કોરોના કાળમાં મહાસભા દ્વારા આયોજીત વિવિધ સેવા પ્રવૃત્તિઓની જાણકારી તથા આગળના આયોજનોનો ચિતાર આપેલ હતો. શ્રી તૃષારભાઇ ચૌહાણે યુવા મહામંડળની પ્રવૃત્તિઓમાં વિદર્ભ પ્રાદેશિક યુવા મંડળ અને વિશેષ રૂપે શ્રી દાનિશભાઇ રાઠોડના સહયોગની પ્રશંસા કરેલ હતી. શ્રીમતી અમિતાબેન સોલંકીએ બાલાઘાટ ઘટક તથા મહિલા મંડળ દ્વારા થયેલ સત્કારની પ્રશંસા કરીને મહિલા શક્તિ, અ.ભા.મહિલા મહામંડળની સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓની જાણકારી આપેલ હતી. ત્યાર બાદ બાલાઘાટ ઘટકના ઇતિહાસની જાણકારી આપતો વિડિયો સૌએ નિહાળ્યો હતો.

વ્યવસાય કરીને આજીવિકા મેળવતી બહેનોનું કાર્યક્રમમાં સ્વાગત કરવામાં આવેલ હતું. બાલાઘાટ મહિલા મંડળ અને તેના પ્રમુખ શ્રીમતી મીનાબેન ચાવડા દ્વારા પણ અલગથી સ્વાગત સત્કાર કરવામાં આવેલ હતા. સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણ્યા બાદ સમારોહ પુરો થયો હતો. કાર્યક્રમનું સંચાલન લતાબેન સુનિલભાઇ રાઠોડ તથા અર્ચનાબેન અમિતભાઇ ચાવડાએ કરેલ હતું. મહેમાનોને ગોંદિયા સુધી મુકી વિદાય આપવામાં આવેલ હતી. વિશેષ રૂપે શ્રી જીતેન્દ્રભાઇ પરમાર અને પરિવાર તરફથી મહેમાનોની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

– શ્રીમતી રીટાબેન ચૌહાણ – મહામંત્રી
– શ્રીમતી ગીતાબેન ચૌહાણ – મહામંત્રી

## માધાપર મહિલા મંડળ



માધાપર મહિલા મંડળના સહયોગ દ્વારા અ.ભા.મ. મહામંડળ આયોજીત પ્રિયદર્શીની એવોર્ડનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કારકીર્દી ધરાવનાર દસ બહેનોનું મહિલા દિવસ નિમિત્તે સન્માન કરવામાં આવેલ તેમાં માધાપરની ત્રણ દિકરીઓએ એવોર્ડ મેળવી માધાપર ઘટકનું નામ રોશન કરેલ હતું. પ્રમુખ અમિતાબેન તેમજ રીટાબેને મહિલા મંડળને અમુલ્ય તક આપી તે બદલ મંડળ દ્વારા તેમનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. વિવિધ ઘટકમાંથી પદાધિકારી બહેનો પધારી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમને અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.



કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ આયોજીત પ્રવાસમાં મંડળની બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. મંડળ દ્વારા મીની પોઇચા અને પીપળી રામદેવપીર એક દિવસીય પ્રવાસનું આયોજન ગોઠવેલ. બહેનોને ખુબ આનંદ આવેલ હતો. દર વર્ષની જેમ શિયાળામાં અડદીયાનું વેચાણ કરવામાં આવેલ. જેમાં સારો નફો મેળવેલો હતો.

## ગોંદિયા મહિલા મંડળ

અખિલ ભારતીય મહિલા મહામંડળ ના પ્રમુખ આદરણીય શ્રીમતી અમીતાબેન વિજયભાઈ સોલંકી મહિલા મહામંડળના અન્ય હોદ્દેદાર બહેનો સાથે રાયપુર અને બાલાઘાટ પ્રવાસ અંતર્ગત ગોંદિયા ઘટક પ્રમુખ તથા મહિલા મંડળની બહેનો ના આત્મીયતાથી ભરેલા આમંત્રણ ને સહર્ષ સ્વીકાર કરી ગોંદિયા ઘટકની પદાધિકારી તથા કાર્યકારણી ના બહેનો સાથે તા.૨૫-૦૩-૨૦૨૨ (શુક્રવાર) ના દિવસે થોડો સમય વિતાવવા નું નક્કી થયું અને આ અલ્પ સમય ગોંદિયા ઘટક માટે એક ઉત્સવ બની ગયું, સ્વાગત સત્કાર ની રૂપરેખા તૈયાર થઈ અને સમાજ ભવનમાં ભવ્ય મંચ સર્જાયું. સર્વે સન્માનનીય બહેનોને આદરપૂર્વક મંચ



ઉપર સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ અતિથિઓ દ્વારા દીપ પ્રજ્વલન કરી સમારોહની વિધિવત શરૂઆત કરી ત્યારબાદ શ્રી ગણેશ વંદના માટે શ્રીમતી પૂર્વીબેન જયભાઇ પરમાર દ્વારા કથક નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું. સ્વાગતની કડી માં અ. ભા. મ. મહા



મંડળના સન્માનનીય સર્વે હોદ્દેદારોનું શબ્દસુમન એવં પુષ્પગુચ્છથી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

આ શુભ અવસરે ગોંદીયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઈ રાઠોડ શ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર તથા વિદર્ભ પ્રાદેશિક ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી અમૃતલાલ ભાઈ કેશવજીભાઇ ટાંક મંચ ઉપર ઉપસ્થિત હતા. અ. ભા. મહિલા મંડળ ના આદરણીય પ્રમુખ શ્રીમતી અમીતાબેન વિજયભાઈ સોલંકી એ ગોંદિયા ઘટક ના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઈ રાઠોડને શાલ તથા શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું. વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર,પ્રાદેશિક ટ્રસ્ટના પ્રમુખ શ્રી અમૃતલાલ કેશવજીભાઈ ટાંક, મહાસભાના ઝોનલ પ્રમુખ શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંકને, અ.ભા. મહિલા મંડળ ના પ્રાદેશિક ઝોનલ પ્રમુખ શ્રીમતી મીનાબેન શિશિરભાઈ ચાવડાનું, યુવા મહા મંડળ પ્રાદેશિક પ્રમુખ શ્રી દાનિશ ભાઈ કમલેશભાઈ રાઠોડ, ગોંદિયા ઘટક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન જયંતીભાઈ વેગડને મંચ ઉપર આમંત્રિત કરી પુષ્પગુચ્છ આપી સ્વાગત કરેલ હતું.

ત્યારબાદ ઘટક ના પદાધિકારી ભાઈઓનું પણ ગોંદિયા ઘટક મહિલા મંડળ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું જેમાં ઘટક મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ જયંતીભાઈ પરમાર નું સ્વાગત શ્રીમતી રૂપાબેન હિતેશભાઈ ટાંકે કર્યું. સહમંત્રી શ્રી મિતેશભાઇ કરશનભાઈ પરમાર નું સ્વાગત શ્રીમતી મીનાક્ષીબેન સુધીરભાઈ રાઠોડે કર્યું,કોષાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ નરભેરામભાઈ ચૌહાણ નું સ્વાગત શ્રીમતી વંદન જીતેન્દ્રભાઈપરમારે કર્યું ઉપપ્રમુખ અને મહાસભાના ઝોનલ ના પ્રમુખ શ્રી શિવલાલભાઈ ટાંક નું સ્વાગત શ્રીમતી પૂજાબેન દીપેન્દ્રભાઈ ચૌહાણે કર્યું શૈલેષભાઈ જીવરામભાઈ ટાંક કાર્યવાહક સદસ્ય મહાસભાના તેમના સ્વાગત માટે શ્રીમતી છાયાબેન મિહિરભાઈ પરમાર ને વિનંતી કરવામાં આવી,પ્રોફેસર શ્રી ચૂંન્નીલાલભાઈ ચૌહાણ અધ્યક્ષ સલાહકાર મંડળ ના સ્વાગત માટે શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ ને બોલાવવામાં આવ્યા પ્રેરણાશ્રોત શ્રી રસિકલાલ ભાઈ વેગડ નું સ્વાગત શ્રીમતી જયેન્દ્રબાળા મુળજીભાઈ પરમારે કર્યું .ન્યાયપંચ પ્રમુખ શ્રી જયંતીલાલ ભાઈ વેગડ નું સ્વાગત શ્રીમતી ભારતીબેન હેમંતભાઈ રાઠોડે કર્યું .ઘટક ના વરિષ્ઠ નાગરિક શ્રી હિંમતભાઈ ભવાનજીભાઇ રાઠોડ નું સ્વાગત શ્રીમતી નીમુબેન કરશનભાઈ પરમારે કર્યું પ્રાદેશિક પ્રમુખ યુવા મંડળ ના દાનીશભાઈ રાઠોડ ના સ્વાગત માટે શ્રીમતી તરૂણાબેન વિજયભાઈ રાઠોડ ને બોલાવવામાં આવ્યા ત્યારબાદ ગુરુવંદના માટે કુમારી જૈની ગીતેશભાઈ રાઠોડે સુંદર નૃત્ય ની પ્રસ્તુતિ આપી.

ઉદબોધન ની કડીમાં સર્વ પ્રથમ ઘટક મંત્રી શ્રીમતી તનુજાબેન કમલેશભાઈ રાઠોડે મહિલા મંડળ દ્વારા ઘટકમાં થતા સમાજ હિતના કાર્યો ની જાણકારી આપી, ત્યારબાદ અ.ભા.મ.મહામંડળના સલાહકાર સમિતિના પ્રમુખ શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા. ત્યાર બાદ અ.ભા.મ.મહા મંડળના ચેરપર્સન અને સગપણ સંમેલનના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઈ રાઠોડ. અ.ભા.મ.મહામંડળના સાંસ્કૃતિક સમિતિ ના અધ્યક્ષ શ્રીમતી કલ્પનાબેન પરમારે પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું કે જ્યારે અમે ગોંદિયા પહોંચ્યાં ત્યારે એટલી ખુશી થઈ કે તેને શબ્દો માં વર્ણન ના કરી શકાય કારણ કે ગોંદિયા અમારું માવતર ઘણા સમય પછી ગોંદિયા આવવાનો અવસર આવ્યો આપ સહુ ભાઈ બહેનો થી મળીને અમને ખુબજ આનંદ થયો છે. અંતમાં અખિલ ભારતીય મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અમીતાબેન વિજયભાઈ સોલંકીએ પોતાના વિચારો વ્યક્ત કરતા મહિલા સશક્તિકરણની વાત ની સાથે પોતાના સુંદર વિચારો થી સર્વે બહેનો ને માર્ગદર્શન આપતા કહ્યું કે ગોંદિયા ઘટક બહુ સંસ્કારી છે ગોંદિયા ની માટી માં તો કોઈ એવી તાકત છે કે મહાસભા સ્તરે યુવા મંડળ ને મહિલા મંડળ ને અનેક પદાધિકારીઓ આપ્યા વિશેષ મહિલા મંડળ માં તો ત્રણ ત્રણ પૂર્વ મહિલા પ્રમુખ ગોંદિયા નું માવતર ધરાવે છે.શ્રીમતી મીનાબેન ચૌહાણ.શ્રીમતી જ્યોતિબેન રાઠોડ અને શ્રીમતી વંદનાબેન ટાંક ત્રણે પૂર્વ પ્રમુખો નું માવતર એટલે કે આ ગોંદિયા ઘટક, ગોંદિયા માં રહી નાનપણ થી ભણ્યા ગોંદિયા થીજ સમાજ સેવા ના સંસ્કાર મળ્યા એવા ગોંદિયા ઘટક માં બીજી વાર આવવાનો અવસર મળ્યો ખૂબ ખુશી થાય છે,સમારોહની છેલ્લી કડીમાં ગોંદિયા ઘટક માં પધારેલ મહાસભાના સર્વે પદાધિકારીઓ નું મહિલા મંડળ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો આભાર પ્રદર્શન બાદ રાષ્ટ્રગાન પછી બપોરનું સ્વાદિષ્ટ ભોજન લઈ વિદાય લીધી.

## વિશાખાપટ્નમ મહિલા મંડળ






વિશાખાપટ્નમ મહિલા મંડળ દ્વારા ૮ માર્ચ ના રોજ વિશ્વ મહિલા દિવસ ઉજવવામાં આવેલ. સર્વપ્રથમ ગણેશ વંદના પછી પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન પરમારએ સર્વ બહેનોનું સ્વાગત કરી મહિલા દિવસનું મહત્વ બતાવેલ. ત્યાર બાદ મંડળના મંત્રી શ્રીમતી દિપીકાબેન ચૌહાણ, જયાબેન અને ભાવિતાબેન એ પણ બહુજ સુંદર વ્યક્તવય આપ્યા હતા.

ત્યાર બાદ શ્રીમતિ મમતાબેન એ મધુર ગીત પ્રસ્તુત કર્યું હતું. ત્યાર બાદ શ્રીમતી મીનુબેન પરમાર, શ્રીમતી ગાયત્રીબેન પરમાર, ભાવિતાબેન પરમાર અને શિરીષાબેન પરમારએ મનમોહક નૃત્ય પ્રસ્તુત કરેલ. ઘણા રોચક કાર્યક્રમ મંડળ દ્વારા આયોજિત કરવામાં આવેલ. જેમકે, મ્યુઝીકલ ચેયર, અંતાક્ષરી વગેરે બધી બહેનોએ બહુજ આનંદ લીધો હતો. ત્યાર બાદ બપોરના ભોજનનું આનંદ લઇ હાઉઝીની રમત રમ્યા હતા. અખિલ ભારતીય મહિલા મંડળ દ્વારા આયોજિત પ્રિયદર્શની પુરસ્કાર સર્વે બહેનોએ સાથે માણ્યો હતો. અંતમાં શ્રી હનુમાન ચાલીસા ના પાઠ કરી ખુશી ખુશી છૂટા પડયા હતા. વિશાખાપટ્નમ મહિલા મંડળની સર્વે બહેનો હોળીના શુભ અવસરે ખૂબજ આનંદ, હર્ષ અને ઉત્સાહથી પ્રમુખ શ્રીમતિ પ્રિતીબેન પરમારના ઘેર હોળી રમવા ભેગા થયા. સર્વપ્રથમ ગણેશ વંદના કરી પછી બધાય ખૂબજ આનંદથી રંગ રમ્યા, ગીત ગાઇ, નાચીને રંગના ઉત્સવની ઉજવણી કરી. પ્રિતી બેન તરફ થી સર્વે બહેનો ને અલ્પાહાર આપવામાં આવેલ. અંતમાં શ્રી હનુમાન ચાલીસાનું પાઠ કરી છુટા પડયા હતા.

## મુંબઇ મહિલા મંડળ

મુંબઇ મહિલા મંડળ દ્વારા તા. ૦૫-૦૩-૨૦૨૨ના કોવિડ-૧૯ પછી પહેલી ઓફલાઇન મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે સાન્તાક્રુઝ સ્થિત શ્રીમતી માયાબેન સમીરભાઇ ચાવડાના નિવાસ સ્થાને મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મીટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ ગીતા અધ્યાય-૧૫નું પારાયણ કરવામાં આવ્યું હતું. દેવલોક પામેલાઓને શ્રદ્ધાંજલિ રૂપે બે મિનિટ મૌન રાખવામાં આવ્યું હતું અને શાંતિ પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યાર બાદ આર્ટ ઓફ લિવિંગના ટીચર્સ દ્વારા સુદર્શન ક્રિયા વિશે જાણકારી આપવામાં આવી અને મેડીટેશન શીખવવામાં આવ્યું. ત્યાર બાદ બે વર્ષના લોકડાઉન અંતર્ગત થયેલ વિવિધ પ્રવૃત્તિઓને યાદ કરી, વિવિધ હરિફાઇના વિજેતાઓને અભિનંદન આપી અને ઇનામ વિતરણ કરવામાં આવ્યું. મહિલા દિન વિશે, આદ. હરીબેન ચૌહાણ અને અ.ભા.મહિલા મહામંડળના માજી પ્રમુખ આદ. કાન્તાબેન કોન્ટ્રાકટર દ્વારા માહિતિ આપવામાં આવી હતી. મહિલા ઉત્કર્ષ અંતર્ગત ટપરવેર કંપની દ્વારા મહિલાઓને



ઘર સંભાળતાની સાથે સાથે સહેલાઇથી ઓછી મહેનતથી આવક ઊભી કરવાના વિવિધ રસ્તાઓ બતાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ શ્રીમતી માયાબેન દ્વારા ભારતીય સંસ્કૃતિને અનુલક્ષીને ક્વીઝની રમત રમાડવામાં આવી અને ઇનામ આપવામાં આવ્યા હતા. મુંબઇ મહિલા મંડળ માજી પ્રમુખ આદ. પુષ્પાબેન ટાંકને સર્વશ્રેષ્ઠ ઘટક પ્રમુખનો એવોર્ડ મળવા બદલ તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મહિલા દિન નિમિત્તે દરેક બહેનોને ચોકલેટ બુકે આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

અંતમાં શ્રીમતી માયાબહેને સ્વાદિષ્ટ મહારાષ્ટ્રીયન જમણ પીરસી બધાના મન જીતી લીધા. મહિલા મંડળે સમસ્ત ચાવડા પરિવારનો આભાર માની સૌ છુટા પડ્યા હતા.

## કુકમા મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ.સમાજ કુકમા મહિલા મંડળ દ્વારા વસંતના વધામણા કાર્યક્રમનું આયોજન મિસ્ત્રી સમાજવાડી મધ્યે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શોભનાબેન જે. ટાંકના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થના બાદ દિપ પ્રાગટ્ય મહેમાનોના હસ્તે કરવામાં આવેલ હતું. રાજકીય ક્ષેત્રે ચૂંટાયેલા સભ્યો તેમજ સરપંચોનું સન્માન તેમજ અ.ભા.મ.મહામંડળની પ્રતિયોગીતમાં થયેલા વિજેતા બહેનોના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

કાર્યક્રમને સફળ બનાવવા ઘટક પ્રમુખ શ્રી હરગોવિંદભાઇ ચૌહાણ, યુવા મંડળના પ્રમુખ શ્રી ઉત્તમભાઇ રાઠોડ, સિનિયર સીટીઝન કુકમા પ્રમુખ શ્રી મોહનભાઇ ચૌહાણ, મંત્રી પ્રભુલાલભાઇ ટાંક, રીતેશભાઇ ચૌહાણ, અ.ભા.મ. મહામંડળના સલાહકાર અનસુયાબેન જે. પરમાર, ભાનુબેન પરમાર, ભાવનાબેન નલિનભાઇ પરમાર, ભાવનાબેન ચૌહાણ, લલિતાબેન જયનેશભાઇ વરૂ, અર્ચના જે. પરમાર, તરૂણાબેન ચૌહાણ તેમજ મહિલા મંડળની સર્વે ટીમ સાથે મળીને આયોજન સંભાળેલ હતું. કુકમા મહિલા મંડળની ક્રેડીટ સોસાયટીના હિસાબોની રજુઆત કરવામાં આવેલ હતી. મહિલા મંડળના વોટ્સએપ ગ્રુપ બનાવી કોઇપણ મેસેજ દરેક બહેનોને પહોંચી શકશે તેવું આયોજન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ લક્કી ડ્રો અને જ્ઞાન સાથે ગમ્મત તેમજ સામાજીક પ્રશ્નોતરી કરી અને મનોરંજન માણેલ હતું. ત્યાર બાદ સન્માનના દોરમાં કુકમા જુથ ગ્રા.પં.ના સરપંચ તરીકે શ્રીમતી રસીલાબેન એસ. રાઠોડ, સભ્ય તરીકે શ્રીમતી ભાવનાબેન એન. પરમાર, સભ્ય શ્રીમતી વંદનાબેન એન. રાઠોડ, સભ્ય શ્રીમતી ગીતાબેન એ. વરૂ, સભ્ય શ્રી ઉત્તમભાઇ રાઠોડ સર્વેનું સન્માન કરવામાં આવેલ હતું.



અ.ભા.મ. મહામંડળ દ્વારા યોજાયેલ નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર શ્રીમતી ઉષાબેન એન. ચૌહાણ, પ્રોત્સાહનમાં શ્રીમતી તરૂણાબેન એ. ચૌહાણ, શ્રીમતી શોભનાબેન જે. ટાંક અને શ્રીમતી નેહા જયકુમાર ચૌહાણને પ્રાપ્ત થયેલ. રામાયણના આદર્શ પાત્રમાં શ્રીમતી વિણાબેન જે. પરમાર, શ્રીમતી પૂર્વિબેન કપિલ સોલંકીને સન્માનિત કરેલ હતા તેમજ અ.ભા.મ. મહામંડળ દ્વારા લઘુ નાટિકામાં વિજેતા થેલ બહેનો નયનાબેન ટાંક, ક્રિષ્નાબેન ટાંક, રેખાબેન પરમાર, અનિતાબેન ચૌહાણ, રશ્મીબેન ટાંકનું ઇનામ આપી સન્માન કરેલ.

ત્યાર બાદ અંતમાં અલ્પાહાર સૌએ સાથે મળીને કરેલ. જેમાં સર્વે બહેનોની ટીમનો આભાર વ્યક્ત કરેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉષાબેન ચૌહાણે કરેલ. આ કાર્યક્રમમાં પાણીની ફ્રી સેવા અપર્નાબેન જયદીપભાઇ પરમાર તરફથી મળેલ હતી. સર્વેનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ.

## પૂના મહિલા મંડળ

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના ઉપલક્ષમાં તા. ૩૧ માર્ચના મયુરીબેન પરમારને ત્યાં મીટીંગ રાખવામાં આવી હતી. કોરોના મહામારીના બે વર્ષ બાદ આ પહેલી જ મીટીંગ હતી. દિપ પ્રાગટ્ય બાદ પૂના મહિલા મંડળ તરફથી વડીલ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સફળ લગ્નજીવનને ૫૦ વર્ષ તથા તેનાથી ઉપર વરસો થયેલા માનનીયોનું સ્વાગત તથા સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં શાંતાબેન કનુભાઇ ગોહિલ, લક્ષ્મીબેન



ઇશ્વરલાલભાઇ ચૌહાણ, નિર્મળાબેન ધરમશીભાઇ પરમાર હતા. આ વડીલોનું સાડી, શાલ અને શ્રીફળ આપી સન્માન કર્યું હતું





તેમજ ૮૦ વર્ષ તથા તેનાથી ઉપરની ઉંમરવાળા બહેનોમાં ભારતીબેન ટાંક (ઉ.વ.૯૩) તથા પાર્વતીબેન યાદવ (ઉ.વ.૮૩)ને શાલ તથા સાડી આપી સન્માન કર્યું હતું.

પૂના ઘટક પ્રમુખ શ્રી રમેશભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી ભરતભાઇ ટાંક તથા શ્રી મનોજભાઇ યાદવનું પણ શાલ-શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું હતું. અ.ભા.મ.મહામંડળમાં જે પૂનાની બહેનો કાર્યરત છે તેમાં મુંબઇ પ્રાદેશિક પ્રમુખ હસ્મીતાબેન ચૌહાણ, આધ્યાત્મિક મંત્રી શ્રી જયશ્રીબેન સોલંકી, માનદ્ સભ્યશ્રી રમીલાબેન વેગડ તથા અરૂણાબેન યાદવ અને પૂના મહિલા મંડળની સર્વે કમીટી મેમ્બર્સનું પણ સાડી આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. વિષય હતો ''સુખની પરિભાષા, નારીના વિચારે'' જેમાં પ્રથમ - અરૂણાબેન યાદવ, અરૂણાબેન ચાવડા, દ્વિતીય - પાર્વતીબેન યાદવ, લીલાબેન ચૌહાણ, તૃતિય - હિનાબેન ટાંક, કાજલબેન ટાંક તથા પ્રોત્સાહન - કલ્પનાબેન વરૂને આપવામાં આવ્યું હતું.

કોરોના મહામારીના સમયમાં પણ અમે ઓનલાઇન પ્રતિયોગીતા રાખતા હતા. જેમાં બાળકો માટે ચિત્રકલા, બહેનો માટે ગરબા સજાવટ, ફેન્સીડ્રેસ, ભજન ગાવા, રાષ્ટ્રભક્તિ પર ગીત ગાવા તથા વકતૃત્વ સ્પર્ધા આવી અનેક સ્પર્ધાઓનું આોજન કરતા હતા. આજની મીટીંગમાં બધા બહેનોએ ઉત્સાહ અને આનંદ માણ્યો હતો. વિચારોનું આદાન-પ્રદાન થયું. અંતમાં અરૂણાબેન યાદવ તથા સ્નેહલબેન પરમારે આભાર માન્યો હતો. આભાર પ્રદર્શન પછી અલ્પાહાર કરી બધી બહેનો છુટી પડી હતી.

## અંજાર મહિલા મંડળ




પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન પી. ચાવડાના અધ્યક્ષ સ્થાને અંજાર મહિલા મંડળની મીટીંગ તા. ૧૦-૩-૨૦૨૨ના રોજ સમાજ ભવનના હોલમાં યોજવામાં આવેલ હતી. પ્રભુ પ્રાર્થના, થાળ, પ્રસાદ, લક્કી ડ્રો કરવામાં આવેલ હતા. વસંતઋતુને અનુલક્ષીને ફુલોના ઘરેણા બનાવી પહેરવાની પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. બહેનોએ ખુબજ સરસ રીતે ફુલોથી ઘરેણાના શણગાર કરેલ હતા. જેમાં પ્રથમ મિલોની સોલંકી, દ્વિતીય બીના ચાવડા, તૃતીય પ્રતિમાબેન તથા ક્રિષ્નાબેનને સંગીતાબેન તરફથી ઇનામો આપવામાં આવેલ હતા.

તા. ૧-૪-૨૦૨૨ના માસીક સામાન્ય સભા સમાજ ભવન ખાતે રાખવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના, થાળ, પ્રસાદ, લક્કી ડ્રો બાદ ગરમીમાં ઠંડક આપે તેવા વિવિધ શરબતો બનાવવાની પ્રતિયોગીતા રાખવામાં આવેલ હતી. બહેનોએ અવનવા શરબતો બનાવ્યા હતા. તેમાં પ્રથમ મિલોની સોલંકી, દ્વિતીય ગીતાબેન ટાંક, તૃતિય વર્ષાબેન રાઠોડ, મુક્તાબેન પઢિઆરને તૃપ્તિબેન ગિરીશભાઇ પરમાર તરફથી ઇનામો આપવામાં આવેલ હતા. ભાગ લેનાર દરેબ બહેનોને માટીના કુંડા ઇનામ તરીકે આપવામાં આવેલ હતા.

સલાહકાર સભ્ય એવં અ.ભા.મ. મહામંડળના કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન વેગડ આ વખતે અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા યોજાયેલ જીવન સૌરભ સંસ્કાર શિબિરમાં રાયપુર, નાગપુર ખાતે યોજાયેલ તેમાં હાજરી આપી હતી. વર્ષ ૨૦૧૭-૨૦૨૦ના મહિલા કચ્છ પ્રા. પ્રમુખ શ્રી મીનાબેન વેગડનું અ.ભા.મ. મહામંડળ દ્વારા બેસ્ટ પ્રાદેશિક પ્રમુખનું

સન્માનપત્ર આપવામાં આવેલ તે અંજાર મહિલા મંડળ તથા સર્વે કચ્છ પ્રાદેશિક મહિલા મંડળો માટે ગૌરવની વાત છે.

તેવી જ રીતે ૨૦૧૭-૨૦૨૦ બેસ્ટ મહિલા મંડળનો એવોર્ડ અંજાર મહિલા મંડળના પ્રમુખ સવિતાબેન જે. ચૌહાણને અર્પણ કરવામાં આવેલ હતો. જેનું પ્રમાણપત્ર રાયપુર મુકામે આપવામાં આવેલ હતું. મીનાબેન વેગડ દ્વારા અંજાર મહિલા મંડળના સૌ હોદ્દેદારો, કારોબારી સભ્ય બહેનાની હાજરીમાં આપવામાં આવેલ. અંજાર મ.મંડળના સૌ બહેનોએ તાડીઓના ગડગડાટ સાથે મીનાબેન, સવિતાબેન સૌ બહેનોનું અભિવાદન કર્યું.

અંજાર ઘટકને આંગણે મહાસભાનું અધિવેશન યોજાવા જઇ રહ્યું છે ત્યારે સૌ બહેનો ઘટક સાથેના દરેક કાર્યોમાં સાથ આપી રહ્યા છે. જેમાં અલગ અલગ સમિતિઓની રચનાઓ કરવામાં આવી છે. જેમાં બહેનો સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે. અત્યંત મહત્વની સમિતિ સગપણ સમિતિ દ્વારા ચાલતા દરેક ઘટકના પ્રચાર-પ્રસાર માટે બહેનો સાથે જોડાઇ રહ્યા છે.

## જબલપુર મહિલા મંડળ

જબલપુર મહિલા મંડળ દ્વારા રંગપંચમીના ઉપલક્ષમાં હોલી મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રમતગમત સાથે હાસ્ય, કવિતા, હાઉસી રમી, મહિલા દિવસ માટે રેખાબેન પરમારનું સમ્માન કરવામાં આવ્યું હતું. પુરસ્કાર વિતરણ કરી સ્વલ્પાહાર કરી બધી બહેનોએ આનંદ લીધો હતો.

હોલી મિલનમાં નીતાબેન વેગડ દ્વારા રૂા. ૫૦૦, ચિત્રાબેન ખોડિયાર, દિપિકાબેન રાઠોડએ રૂા. ૩૦૦ સહયોગ રાશી આપી, ચિત્રાબેન તરફથી મીઠાઇ, જયશ્રીબેન ચાવડા તરફથી બધાને શરબત આપવામાં આવ્યું હતું.

બધી બહેનોએ રંગપંચમીની ખુબ ખુબ મજા માણી. આ



કાર્યક્રમમાં ચંચલબેન, તૃપ્તીબેન, ચેતનાબેન, યામિનીબેન, લીનાબેન, યોગિતાબેન, રેખાબેન, આરતીબેન સમસ્ત પદાધિકારી બહેનો ઉપસ્થિત હતી તથા રૂપલબેન મંત્રીએ મંચ સંચાલન કર્યું હતું.

## રાયપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અ.ભા.મહિલા મહામંડળના કુળશ નેતૃત્વ હેઠળ છત્તિસગઢ પ્રાદેશિક અંતર્ગત રાયપુર ઘટક મહિલા મંડળ અને યુવા મહિલા મંડળ દ્વારા આયોજીત આ સત્રનું પ્રથમ ''જીવન સૌરભ સંસ્કાર'' શિબિર તા. ૨૩,૨૪ માર્ચ-૨૦૨૨ના રાયપુર ઘટકના આંગણે આનંદ ઉત્સાહ ભર્યા વાતાવરણમાં ખુબજ ભવ્ય અને સફળ રૂપે આયોજવામાં આવેલ. સમાજ માતૃશ્રી વાત્સલ્યની માતા સ્વ. ભાનુમાં પ્રેરિત જીવન સૌરભ સંસ્કાર શિબિરના આમંત્રણને માન આપી અ.ભા.મહિલા મહામંડળના આદ. પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, સલાહકાર અધ્યક્ષ શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા, ચેરપર્સન અને મહાસભા મેરેજ બ્યુરોના અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ મહાસભાના સમ્માનનીય મહાનુભાવો શ્રી શ્રી ભરતભાઇ કાંતિલાલભાઇ સાવરીયા, સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર, માજી પ્રમુખ શ્રી મણીલાલભાઇ ચાવડા, માનદ્ સભ્ય શ્રી રસીકભાઇ પરમાર, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઇ ચાવડા, મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી બીનાબેન પરમાર, મહામંત્રી શ્રીમતી ગીતાબેન ચૌહાણ અને રીટાબેન ચૌહાણ, સંસ્કાર શિબિરના પ્રમુખ શ્રીમતી પુનમબેન ટાંક તેમના મંત્રી શ્રીમતી જ્યોતીબેન રાઠોડ, મંત્રી શ્રીમતી ઉર્મિલાબેન રાઠોડ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતી કલ્પનાબેન પરમાર, ઝોનલ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચાવડા, સંરક્ષક શ્રીમતી દીપ્તીબેન, મુખ્ય પ્રાયોજક શ્રીમતી દિશાબેન



ભારતેષભાઇ પરમાર, સહપ્રાયોજક શ્રીમતી દીપીકાબેન પંકજભાઇ ચાવડા, સહમંત્રી શ્રીમતી પ્રીતીબેન ચૌહાણ, સલાહકાર સભ્ય શ્રીમતી સરિતાબેન પરમાર, કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન વેગડ, માનદ્ સભ્ય શ્રીમતી કલ્પનાબેન ચૌહાણ, છ.ગ.પ્રા. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિશાબેન ચાવડા તથા તેમની ટીમે ઉપસ્થિતિ આપી હતી. સર્વે ઘટકના પ્રમુખશ્રીઓ, પદાધિકારી બહેનો રાયપુર ઘટકના પ્રમુખશ્રી આદ. અનિલભાઇ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત સર્વે મહેમાનોનું સ્વાગત મહિલા મંડળના પ્રમુખશ્રી અને યુવા મહિલા મંડળના પ્રમુખશ્રી દ્વારા કંકુ-ચોખાથી તિલક કરી બહેનો દ્વારા કળશ ઉપાડી સામૈયું કરવામાં આવેલ હતું. સર્વે મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ આપી બેચ લગાડી સમ્માન કરેલ. મંચસ્થ અતિથિઓના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય કુમારીકા દ્વારા ગણેશ વંદના, સ્વાગત ગીત પ્રસ્તુત કરેલ. અતિથિઓના આશીર્વચન બાદ ગોલ્ડન બુક ઓફ રેકોર્ડમાં નામના મેળવનાર મહાનુભાવોનું સ્વાગત વંદન અભિનંદન કરવામાં આવેલ હતું. સમાજ સંરક્ષક અને મહાસભાના ડીજીટલ વંશાવલી સમિતિના પ્રભારી શ્રી ભરતભાઇ સાવરીયા તથા ડાટા ભેટ કરવામાં સહયોગી શ્રી ગૌરવભાઇ ચાવડાનું પણ સમ્માન કરવામાં આવેલ. તેવી જ રીતે મહાસભા દ્વારા આયોજીત ઓનલાઇન સમુહ ભાગવત માટે શ્રી ભરતભાઇ ચાવડા અ.ભા.મ. મહામંડળને ખૂબ ખૂબ વધામણી આપતા અ.ભા.મ. મહામંડળ દ્વારા આયોજીત ઓનલાઇન મ્યુઝીકલ હાઉઝી માટે અમિતાબેન સોલંકીનું ખુબજ ગૌરવ અને માનભેર સમ્માન કરેલ સાથે કલ્પનાબેન પરમાર (આસનસોલ)નું પણ સમ્માન કરવામાં આવેલ. શ્રીમતી શીલુબેન (મોટીવેશન સ્પીકર) દ્વારા જીવનમાં એડજસ્ટમેન્ટ કેમ કરવું તે અંગની માહિતિ આપેલ હતી. સુંદર મંચ સંચાલન કલ્પનાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ મંચ મહામંત્રી ગીતાબેન અને રીટાબેનને સોંપવામાં આવેલ. સુંદર જ્ઞાનવર્ધક પ્રશ્નોતરી સાથે સૌ બહેનોને આનંદ કરાવેલ ત્યાર બાદ ગીતાબેન રાઠોડ દ્વારા ''મૈં હૂં ન'' શબ્દો પર ધ્યાન દોરતા પોતાના અસ્તિત્વની ઓળખ કરાવી બધી બહેનોનું મન મોહી લીધું ત્યાર બાદ કુમારી લેખિકા રાઠોડ દ્વારા કોર્ટથી મહિલાઓને શું સહાયતા મળી શકે છે તેની જાણકારી આપી. ત્યાર બાદ ગીતાબેન અને રીટાબેન દ્વારા યુવાનોથી સમાજની જવલંત સમસ્યાઓના બારામાં ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. બીજા દિવસના કાર્યક્રમમાં ભુસાવલથી પધારેલ જ્યોતિબેન દ્વારા મોબાઇલના ફાયદા અને ગેરફાયદાના બારામાં જાણકારી આપવામાં આવેલ. શ્રીમતી જ્યોતિબેન રાઠોડ દ્વારા પાનખરમાં વસંત પર પરિવાર વિષય માહિતિ આપી. શ્રીમતી શિલ્પાબેન દ્વારા માય ડાયરી વિષય પર પ્રકાશ પાડેલ. શ્રીમતી વેલુબેન દ્વારા સ્વસ્થ મન સ્વસ્થ શરીરના બારામાં જાણકારી આપી, સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવેલ. શ્રી વિજયભાઇ સોલંકી તથા ઉર્મિલોબન દ્વારા પુરાના ગીતની રજુઆત કરી વાતાવરણને સંગીતમય બનાવ્યું.

આ કાર્યક્રમોમાં પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીના નિર્દેશન હેઠળ એકથી એક ચડીયાતા પ્રોગ્રામ થયા જેની સર્વે બહેનોએ મોજ માણી અને ગુઢ વિષયોને આત્મસાત કર્યું. આ શિબિરમાં બહેનોની સંખ્યા ૨૫૦ જેટલી હતી. સર્વે દાન-દાતાઓનું અભિનંદન સાથે અનન્ય આભારવિધીની સાથે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સમાપ્ત થયું અને ગરબાની મોજ માણી અંતે દર્શકો-શ્રોતાઓ અમારા માનવંતા મહેમાનો કાર્યક્રના મુખ્ય પ્રાયોજક-સહપ્રાયોજક, ભોજન પ્રાયોજકનો ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો અને શિબિરની સફળતામાં સહયોગ આપનાર ઉપસ્થિત દરેક બહેનો, સભ્યો, વડીલોના આભાર માનવામાં આવેલ હતો.

## વર્ધા મહિલા મંડળ



વર્ધા મહિલા મંડળ દ્વારા હોલી મિલનનો કાર્યક્રમ તા. ૨૦-૩-૨૨, રવિવારના રોજ નીતાબેન જેઠવાના ઘરે ખુબ ધામધૂમથી ઉજવેલ હતો. મહિલા મંડળ પ્રમુખ મીનાબેન જેઠવા, મંત્રી નેતલબેન ચૌહાણ તથા ખજાનચી વર્ષાબેન ચાવડાએ હાજરી આપી હતી. સમાજના સર્વે બહેનો તથા બાળકોએ ખુબ ધામધુમથી હોળી ઉત્સવ મનાવ્યો હતો. અલ્પાહારનો કાર્યક્રમ રાખેલ હતો. મહિલા મંડળ પ્રમુખે સર્વેનો આભાર માનેલ હતો. મહિલા મંડળની માસીક મીટીંગ પણ સાથે રાખેલ હતી.

## છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ



છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા સમય-સમય વિભિન્ન કાર્યક્રમો ઓનલાઇન મીટીંગો સાથે વિભિન્ન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. ગત જાન્યુઆરી માસમાં ગણતંત્ર દિવસના ઉપલક્ષમાં ''વીરાંગનાઓ અને નારી શક્તિઓ જે તમારા પ્રેરણાસ્ત્રોત હોય માટે પોતાના ઉદ્ગાર વ્યક્ત કરવા''ની પ્રતિયોગીતા રાખવામાં આવેલ. જેમાં સર્વે ઘટકના મહિલા મંડળના બહેનોએ સક્રીય રૂપે ભાગ લીધેલ. જેમાં વિજેતા બહેનોને પુરસ્કૃત કરવામાં આવેલ.

પ્રથમ - ભારતીબેન વાઢેર (ભાટાપારા), દ્વિતીય - તૃપ્તીબેન મારૂ (રાજનાંદગાંવ), તૃતિય - હર્ષાબેન પરમાર (કુમ્હારી) સાથે સાંત્વના પુરસ્કાર લતાબેન રાઠોડ - કોરબા, અનિતાબેન વાઢેર - રાયપુર, પૂજાબેન પરમાર - રાજનાંદગાંવ, તૃપ્તીબેન વાઢેર - ભાટાપારાને આપવામાં ઓલ. ત્યાર બાદ અખિલ ભારતીય મહિલા મહામંડળના કુશળ નેતૃત્વમાં છ.ગ.પ્રાદેશિકના અંતર્ગત રાયપુર ઘટકમાં મહિલા મંડળ અને યુવા મહિલા મંડળ દ્વારા ''જીવન સૌરભ સંસ્કાર શિબિર''નું આયોજન કરવામાં આવેલ. જેમાં છ.ગ. પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિશાબેન પ્રફુલ્લભાઇ ચાવડા પોતાના સર્વે પદાધિકારી બહેનો સાથે બે દિવસીય શિબિરનું લાભ લીધેલ.

આ શિબિરમાં અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી પોતાના પદાધિકકારી બહેનો સાથે ઉપસ્થિત રહ્યા હતા. છ.ગ.પ્રા.મહિલા મંડળ દ્વારા અ.ભા.મ. મહામંડળના પ્રમુખ આદ. શ્રીમતી અમિતાબેન સોલંકી, સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલુબેન ચાવડા, મેરેજ બ્યુરોના પ્રભારી શ્રીમતી જ્યોતિબેન, સંસ્કાર શિબિરના પ્રમુખ પૂનમબેન ટાંક, ઝોનલ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચાવડા સર્વે પ્રમુખ બહેનોનું સમ્માન કરવામાં આવેલ.

શિબિરમાં પ્રશ્નોતરી, મહિલાઓના અધિકાર માટે જાણકારી, યુવા વર્ગ માટે સગપણ સમસ્યા, છુટાછેડા, મધુર સંગીત, નાટ્ય કાર્યક્રમ, મોબાઇલનો સદુપયોગ, સમ્માન કાર્યક્રમ જેવા સરાહનીય કાર્યક્રમ હતા. રાયપુર મહિલા મંડળ દ્વારા હસ્તકલા પ્રદર્શની રાખવામાં આવેલ. આ શિબિરમાં સર્વે ઘટકના મહિલા મંડળના બહેનો પોતાના પદાધિકારી બહેનો સાથે ઉપસ્થિત રહ્યા હતા. રાયપુર ઘટક પ્રમુખ શ્રી અનિલભાઇ ચાવડા, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પૂનમબેન ટાંક, યુવા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન રાઠોડ દ્વારા ખુબજ સરસ આયોજન કરવામાં આવેલ. આ શિબિરના બે દિવસીય કાર્યક્રમની સર્વે વ્યવસ્થાઓ ખુબજ સરસ અને સુવ્યવસ્થિત હતી માટે પૂરી રાયપુર ટીમનું હ્રદયથી આભાર માનવામાં આવેલ.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ

હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા દિનાંક ૧-૩-૨૨ માર્ચ મહિનામાં મહાશિવરાત્રીના દિવસે શ્રી સત્યનારાયણ મંદિરમાં ભજન અને મીટીંગ રાખવામાં આવી હતી. ૫૦ બહનોએ હાજરી આપી હતી. શરૂઆત હનુમાન ચાલિસાથી કરી. હૈદ્રાબાદ-સિકંદરાબાદના વિગત બે વર્ષમાં રામશરણ પામેલા ભાઇ-બહેનો માટે બે મિનિટ મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યાર બાદ બધાએ ભજન કર્યા. મહિલા



મંડળમાંથી અખિલ ભારતીય મહિલા મહામંડળમાં વિભિન્ન પદોમાં નિયુક્ત બહેનોનું સમ્માન કરવામાં આવ્યું. ઓરેન્જ યા

યલ્લો કલરની સાડી પહેરવાની થીમ રાખી હતી. એમાં સરપ્રાઇઝ આપવામાં આવ્યા. બધી બહેનોએ થીમના અનુરૂપ સાડી પહેરી હતી. મહિલા મંડળ દ્વારા ભજન, તંબોલા, સદ્‌વાક્ય ગેમ, ભગવાનના પરિવારનું ગ્રુપ ગેમ રમાડવામાં આવ્યું હતું. એકબીજા માટે પ્રાર્થના કરવાનું ગેમ રાખવામાં આવ્યું હતું. ફરાળી સાબુદાણા ખિચડી, ફળ, મિઠાઇ, ઠંડાઇનું સ્વલ્પાહાર કરીને બધા છુટા પડ્યા હતા.



## આદિપુર મહિલા મંડળ



આદીપુર મહિલા મંડળ દ્વારા કોરોના કાળમાં ઓનલાઇન પ્રવૃત્તિ કરેલ. તેમાં એક 'રમઝટ' વોટ્સએપ ગ્રુપ અને ''આપણી ધરોહર આપણા વડીલો'' વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવેલ. જેમાં બહેનો, બાળકો તથા ભાઇઓએ પોતે બનાવેલ કલા-કારીગરીના ફોટા નાખવાના હતા અને જીવન ઉપયોગી પ્રવૃત્તિઓ-આવડતનો વીડીયો નાખવાના હતા. તેમાં બહેનો, બાળકો અને માતાઓએ પણ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. તેઓને પ્રોત્સાહીત કરવા માટે તેમજ સ્પર્ધામાં વિજેતાઓને ઇનામ આપવા માટે તો ૩-૪-૨૨, રવિવારના રોજ આદીપુર મહિલા મંડળે કાર્યક્રમ રાખેલ હતો. આ કાર્યક્રમમાં અ.ભા.મ. મહામંડળ અને કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના હોદ્દેદારોને પણ આમંત્રીત કરવામાં આવેલ.



મહિલા મંડળના પ્રોગ્રામની શરૂઆત સમુહ પ્રાર્થનાથી કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન આદીપુર મહિલા મંડળના સાંસ્કૃતિક મંત્રી શ્રીમતી નિતાબેન રાઠોડ દ્વારા કરવામાં આવેલ. દિપ પ્રાગટ્ય બાદ મહિલા મંડળના નીતાબેન ટાંક, મનિષાબેન ચૌહાણ, ચેતનાબેન ચૌહાણ અને મિત્તલબેન ચૌહાણ દ્વારા સુંદર પ્રાર્થના રજુ કરવામાં આવેલ. ત્યાર બાદ પધારેલ મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરવામાં આવેલ અને પુષ્પગુચ્છ અને ડ્રાયફ્રુટ ગીફ્ટ આપી સન્માન કરવામાં આવેલ.

અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી અને તેમની ટીમે આદીપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન ટાંકનું સાલ ઓઢાળીને સન્માન કરેલ. આદીપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન ટાંક, ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી અને યુવા મંડળ પ્રમુખ શ્રી જીગરભાઇ ગોહીલે ઉદ્‌બોધન કરેલ. ત્યાર બાદ અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા મંત્રી શ્રીમતી ઉષાબેન ચૌહાણ તેમજ કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઇલાબેન ચાવડાએ પ્રાસંગીક ઉદ્‌બોધન કરેલ. જેમાં મહિલા સશક્તિકરણ, સગાઇ-લગ્ન વિચ્છેદ તથા બીજી સામાજીક સમસ્યાઓ વિષે પણ ચર્ચા કરેલ. બાળકો અને મહિલાઓએ બનાવેલ કૃતિઓના નિર્માતાઓને ઇનામ વિતરણ કરવામાં આવેલ. તૃપ્તીબેન વાઢેરે બાળકોને મજા આવે તેવી રમત રમાડેલ. સૌ બાળકો ખુશ થઇ ગયા હતા. શ્રીમતી ઉષાબેન ચૌહાણ અને રીટાબેન ચૌહાણે પણ બહેનોને રમત રમાડેલ. જેમાં પ્રથમ અનિતાબેન, બીજા ક્રમે હેતલબેન અને ત્રીજા ક્રમે ત્રિવેણીબેન ટાંક વિજેતા થયા હતા. આદીપુર મહિલા મંડળ તરફથી તેમને ઇનામ આપવામાં આવેલ. કાર્યક્રમમાં વિશેષ રૂપે ઉપસ્થિત રહેલા અ.ભા.મ. મહામંડળ અને કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના સર્વે પદાધિકારીશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને આદીપુર મ.મંડળ દ્વારા તેમનો આભાર માનવામાં આવ્યો હતો. શ્રીમતી નીતાબેન રાઠોડે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને પલ્લવીબેન પરમોર આભારવિધી કરી હતી. ત્યાર બાદ સમુહ ભોજનનો આનંદ માણી સૌ છુટા પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા આદીપુર મહિલા મંડળ, ઘટક અને યુવા મંડળના હોદ્દેદારો અને કારોબારી સભ્યાએ જહેમત ઉઠાવી હતી.

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ**

# યુવા મંથ



**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**
**શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ**
4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

**મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**
**શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક**
એલ.આઈ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com



Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal

એકમ ઈ-કચ્છયાડ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા આયોજીત



એકમ ઈ-કચ્છયાડ

## થઈ જાઓ તૈયાર...!

**''ચાલો રમીએ ખેલ આધુનિકતા સાથે''**

**અખિલ ભારતીય યુવા મહામંડળ લાવી રહ્યું છે**
**આધુનિક યુગનું સર્વોત્તમ આયોજન !!**
**આધુનિક સમાજનું પ્રથમ આધુનિક આયોજન**

# એકમ ''ઇ-કચ્છયાડ''

